|| ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ સત્ય ગુણાત્મને નમ: || (૬)

# સત્ય ગુણોના આત્મરૂપ એવા
# શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમ, એમાં 'સત્ય' ને સ્વામીએ અગ્રક્રમ આપ્યો છે. સત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણે ગુણોથી પર સ્વામીનું સ્વરૂપ છે. જે શાશ્વત અને કાલાતીત છે.

સ્વામી કહે છે - 'પંચમહાભૂતોથી બનેલા શરીરમાં આત્મા ત્રણ રૂપે રહે છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિમૂર્તિ આ ગુણોના રૂપમાં આપણા શરીરમાં વાસ કરે છે. આ ત્રણ ગુણ એટલે ઈશ્વરનું રૂપ છે. બ્રહ્મા ઉત્પત્તિ કરે છે. ઉત્પત્તિની આ ક્રિયા ઇંદ્રિયની મર્યાદામાં આવતી નથી. આ ઉત્પત્તિની ક્રિયા માતા શીખવે છે. સર્વ કાંઈ માતામાંથી જ ઉત્પન્ન થાય છે. એટલે જ ઉપનિષદ કહે છે 'માતૃદેવો ભવ|' માતાની બ્રહ્મા એટલે ઉત્પત્તિકર્તા તરીકે પૂજા કરવી જોઈએ. માતા ઉપર શ્રદ્ધા, તેની સેવા એટલે ઈશ્વરની જ પ્રતીકાત્મક પૂજે છે."

માતા પછી 'પિતા'. પિતા પોતાના બાળકોનું રક્ષણ કરે છે. તેમની કાળજી લે છે અને તેમને ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ બતાવે છે. આ રક્ષણનું કાર્ય વિષ્ણુ પાસે છે. એટલે જ માતા અને પિતા એ બ્રહ્મા અને વિષ્ણુની જ પ્રતિમા છે.

ત્યારબાદ આવે છે 'ઈશ્વર'. તેમને ભોળાશંકર પણ કહે છે. બધાની મનોકામના ઈશ્વર પૂર્ણ કરે છે. કોઈ પણ યાચકને ઈશ્વર 'ના' પાડતો નથી. આવું મૂર્તિમાન સત્ય સ્વરૂપ છુપાતું નથી એવા પ્રકટ થયેલા મંગલમય (શિવ) રૂપનો અનુભવ લેવા માટે તમસ્ એ સાધન છે. તામસિક ગુણોનો સંબંધ હંમેશાં આળસ અને મંદગતિ સાથે જોડાય છે. પણ શિવના વિશેષણની દૃષ્ટિએ આ અર્થ યોગ્ય નથી. માણસને સન્માર્ગ ઉપર ચલાવીને તેને દેવત્વની પ્રતીતિ (પ્રચીતિ) કરાવવી, એ શિવની ભૂમિકા છે.

ત્રણ ગુણોના રૂપમાં રહેલી આ ત્રિમૂર્તિ પ્રત્યેક વ્યક્તિના અસ્તિત્વમાં હોય છે. ' ઈશ્વર: સર્વભૂતાનામ| ' સર્વ ભૂતમાત્રમાં ઈશ્વરનો વાસ છે, એ જ આ કૃતિવાક્યમાં કહ્યું છે. ઈશાવાસ્ય ઈદમ (વિશ્વ), સમસ્ત વિશ્વમાં ઈશ્વરનો વાસ છે.

આ ત્રણ ગુણ ભગવાન શ્રી સત્ય સાઈમાં તો છે જ, પરંતુ તે કેવળ આ ત્રણ ગુણોથી યુક્ત છે, એવું નથી. પરંતુ સત્યગુણોથી યુક્ત એવા સ્વામીનું સ્વરૂપ અત્યંત ઉચ્ચ કોટિનું છે.

આપણને બધાને એ તો ખબર જ છે કે, અવતાર ધારણ કર્યા પછી દર મહાશિવરાત્રીએ સ્વામી લિંગોદ્ભવ કરે છે. (લિંગ પ્રકટ કરે છે.) તે વખતે પ્રકટ થયેલું લિંગ સ્વામી કોઈપણ ભક્તને પૂજા કરવા માટે આપે છે. એક વખત સ્વામીએ આત્મલિંગ એક મહિલા

ભક્તને આપ્યું. આત્મલિંગ આપતી વખતે તેની નિત્ય પૂજા કેવી રીતે કરવી તે પણ સ્વામી કહે છે, તે રીતે એ મહિલાને પણ પૂજાવિધિ સમજવી. અત્યાનંદથી તેણે તે આત્મલિંગ સ્વીકાર્યું અને ઘરના મંદિરમાં સ્થાપના કરીને તેની વિધિવત્ પૂજા શરૂ કરી. કાલાંતરે એ મહિલાને વારંવાર દેશ-પરદેશ કોઈ કામ નિમિત્તે જવું પડતું હતું. તે વેળા (વખતે) હંમેશાં તે આત્મલિંગ પોતાની સાથે રાખતી તથા તેની પૂજા કરતી. પણ આ વાત તેના મનમાં બેસતી નહોતી, અને આગળ જતા આ નિત્યપૂજા આપણને ફાવશે કે નહીં આ વિચારે તે ચિંતિત થઈ જતી. એટલે તે" આત્મલિંગ ' સ્વામીને પાછું આપવા માટે ગઈ. સ્વામીએ તેને મુલાકાત માટે બોલાવી. મુલાકાતની વખતે સ્વામી સાથે વાતચીત કરતા આત્મલિંગ વિશે બોલવાનો તેનો હેતુ હતો, (જે લિંગ તેણે એક રેશમી વસ્ત્રમાં મૂક્યું હતું, પરંતુ, સ્વામીને આ વાત કહેવાની રહી ગઈ. મુલાકાત પૂરી થઈ. સ્વામી ઉપરના માળે જવા માટે દાદર ચઢતાં હતાં ત્યારે તેમની પાછળથી ટપટપ એવો અવાજ આવવા લાગ્યો, ત્યારે એ મહિલાનું તે દિશામાં ધ્યાન જતા, તેની આંખો વિસ્ફારિત થઈ ગઈ, તેણે જોયું કે, " તે ' આત્મલિંગ સ્વામીની પાછળ દાદર પરથી ઉપર ચઢતું હતું અને આ અવાજ તેનો જ હતો. આ બધું જોતા જ તેના ધ્યાનમાં આવ્યું કે પોતાની પાસેના રેશમી વસ્ત્રમાં ' આત્મલિંગ ' નથી. અજાણતાં જ તેના મુખમાંથી, ઉદ્ગાર બહાર પડી -" સ્વામી, મારું આત્મલિંગ ' ઉપર જઈ રહેલા સ્વામી ક્ષણભર થોભ્યા અને પાછળ વળી ને બોલ્યા – " તારું આત્મલિંગ?" તે સાથે જ એ મહિલાને તેની ભૂલ સમજાઈ ગઈ. ત્યાર સુધીમાં સ્વામી ઉપરના માળે નીકળી ગયા હતા, આત્મલિંગ સાથે લઈને!

**|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ||**